©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 21st MAY, 2026/VAISHAKHA 31, 1948 [ Issue No. 21**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 323-324 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 4559-4796 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### By the Prinicipal District Judge

***Read :***

1. *Notification No. 528/2025, Dt. 24-12-2025 of this office.*

### NOTIFICATION

No. B/150/2026.-In view of the fact that the Summer Vacation of this District commencing from Monday 11th May, 2026 to Sunday 07th June, 2026 (Both days inclusive) vide Notification cited at Sr. No. 1 of this Office. All the Judicial Officers and Staff Members of this Judicial District are hereby prevented from enjoying the Annual Summber Vacation commencing from Monday 11th May, 2026 to Sunday 07th June, 2026 (Both days inclusive) to decrease pendency of cased which are more than five years old and to complete pending work related to Civil and Criminal matters respectively.

All the Presiding Officers and Head of Brances are directed to follow the above instruction scrupulously.

Devbhumi Dwarka at Khambhalia, 20th April, 2026.

---

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

### હુકમ

નં. એમએજી/સી/મ.ચા.વે./જાહેરનામું/૧૯૩૯૪૭/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./નાગરિકતા/જાહેરનામું/૮૦૯/૨૦૨૬, તા. ૧૪-૦૪-૨૦૨૬ ના પત્રથી અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઈ/ચોકકસાઈ કરવા અત્રેથી તા. ૧૭-૦૨-૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડેલ તે જાહેરનામાની મુદત તા. ૧૮-૦૪-૨૦૨૬ ના રોજ પુર્ણ થઈ ગયેલ હોય નવું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગુજરાત રાજયમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

પોરબંદર જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરો લાવી મજુરી કામ માટે કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતિયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિય શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

આથી હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સં સ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઈ/ચોકસાઈ કરાવવા આથી હુકમ કરૂ છું.

સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૦-૦૪-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૮-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૧૮ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

**રેખાબા સરવૈયા**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.21 14:04:11 IST